અપીલ અરજી નં.૨૯૨ તા .૨૬–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મેહુલ વી પટેલ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મેહુલ વી પટેલની તા. ૨૬–૮–૧૧ની અરજીથી દાદુ ટેક્ષ. માર્કેટ, ઉમરવાડા કોમ્યુનીટી સેન્ટરની બાજુમાં લીંબાયત સુરત પર ચાલી રહેલ બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૯–૧૧ ની SMC/FAP/ નં.૨૯૨/૨૦૧૧–૧૨

શ્રી મેહુલ વી પટેલની તા. ૨૬–૮–૧૧ની અરજીથી દાદુ ટેક્ષ. માર્કેટ, ઉમરવાડા કોમ્યુનીટી સેન્ટરની બાજુમાં લીંબાયત સુરત પર ચાલી રહેલ બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૬– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વિસ્તારના વર્ણન આધારે પ્લાન મંજુરી રજીસ્ટર તેમજ ટી.પી.સ્કીમની વેબ પર મુકેલ વિગતે માહિતી ઓળખ કરી આપી શકાય કે કેમ ? તેવો પ્રયત્ન કરેલ છે ? સ્પષ્ટતા તથા દફતરી હકીકત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૭ તા.૫–૧૦–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને આઠ સરખા પ્રકારની અરજીઓ અંગે આપે જાહેર માહિતી અધિકારીના તા. ૧૬–૯–૧૧ના પત્ર અન્વયે સીવીક સેન્ટર કે ઝોન કચેરીનો સંપર્ક કરી સ્પષ્ટતા કરી માહિતી મેળવવા પ્રયાસ કરેલ છે કે કેમ ? તે જણાવવા તથા રે.સ.ટી.પી. ફા.પ્લોટ નં. તેમની કક્ષાએ હોય તો રજુ કરવા તથા મુળ અરજીથી માંગેલ માહિતીની વિગત પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તેમની તા.૧૯–૧૦–૧૧ ની અપીલ રદ કરવા જણાવતા પત્રની મુળ નકલ તથા ફી ભર્યાની રસીદ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૬–૮–૧૧ ની અરજીની માહિતી માંગતી અરજી નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. જે અંગે અરજદારેનિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા.૨૬–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદાર તરફથી અપીલ તબકકે કોઈ પ્રત્યુત્તર કે સ્પષ્ટતા ન થયેલ હોવાથી અપીલ પરત ખેંચેલ હોવાનું માનવાને કારણ છે. આમ અરજદારની અપીલ પરત ખેંચાયેલ હોઈ અપીલ અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી. અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી અરજદાર તરફથી પરત ખેંચેલ હોય અપીલ અરજી અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મેહુલ વી પટેલ,